Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: નોટિસ :-

એકેડેમિક કાઉન્સિલની સભા **મંગળવાર,તા.૦૭/૧૨/૨૦૨૧**નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૨૦૫માં મળશે. જેમાં ઓફલાઈન/ઓનલાઈન ઉપસ્થિત રહેવાની અનુકૂળતા કરવા વિનંતી.

# -: કાર્યસૂચિ :-

(૧) એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૧૧/૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
**(નોંધ :- એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૧૧/૨૦૨૧ની સભાની કાર્યવાહી ઈ–મેલ ધ્વારા સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ હતી.)**

(૨) ઓશો ચેરના ઉપક્રમે નવો સર્ટીફીકેટ કોર્ષ (વર્ગખંડમાં શિક્ષણ અને શિક્ષકની ભૂમિકા) શરૂ કરવા અંગે કો–ઓર્ડિનેટરના તા. ૨૦/૧૦/૨૦૨૧ ના પત્ર પર ચર્ચા વિચારણા કરવા બાબત.
**(બિડાણ : ૧)**

(૩) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૧૮૪૨૫/૨૦૨૧
તા.૨૬/૧૧/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,
એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....

એકેડેમિક કાઉન્સિલ તા 07/12/2021
બાબત 2 બિડાણ/પરિશિષ્ટ 1

કો-ઓર્ડિનેટર,
ઓશો ચેર,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
તા. 20-10-2021

પ્રતિ,
કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**વિષય- ઓશો ચેરના ઉપક્રમે નવો સર્ટિફિકેટ કોર્સ** (વર્ગખંડમાં શિક્ષણ અને શિક્ષકની ભૂમિકા) **શરૂ કરવાની અનુમતિ આપવા બાબત.**

માન. સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે, તા. 15-10-2021ના રોજ ઓશો લોટ્સ ટ્રસ્ટ, સુરતના સભ્યો અને ઓશો ચેર, કો-ઓર્ડિનેટરની ઉપસ્થિતિમાં માન. કુલપતિશ્રીની અધ્યાક્ષતામાં થયેલ મિટિંગમાં લેવાયેલ નિર્ણયોને ધ્યાનમાં રાખીને એમની સૂચના અનુસાર ઓશો ચેરના ઉપક્રમે આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી ટિચીંગ સ્કિલને ખીલવવા માટે નીચેના હેતુથી સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાનું આયોજન છે.

આ સર્ટિફિકેટનો ઉદ્દેશ છે જે તે વિષયોમાં શિક્ષણ વિદ્યાર્થીઓ તેના વિષયમાં સ્પેશ્યાલિટી ધરાવતાં હોય છે પરંતુ એમનાંમાં મૂલ્યોનું આરોપણ થાય, સામાજિક પ્રતિબદ્ધતા કેળવાય અને ખાસ તો એ ભવિષ્યમાં શિક્ષક બને તો આ સર્ટિફિકેટ એને ઉત્તમ શિક્ષક બનવાની ટૂંકાગાળાની તાલીમ આપે. બી.એડ. અને એમ.એડ. જેવી તાલીમ ન પામેલાં સ્નાતકો, અનુસ્નાતકોને શિક્ષક તરીકેના ગુણો ખીલવવામાં આ સર્ટિફિકેટ કોર્સ અત્યંત ઉપયોગી બને અને શિક્ષણની ભારતીય શૈલીની પરંપરાગત શિક્ષણ પ્રણાલિથી અવગત થાય. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ આપતાં શિક્ષકોને તો પશ્ચિમી અસરવાળી તાલીમ પામે છે પણ કોલેજના અધ્યાપકો, યુનિવર્સિટીમાં શિક્ષણ આપતા પ્રોફેસરને એવી કોઈ વર્ગશિક્ષણની તાલીમ આપવામાં આવતી નથી. તેમને પણ આ કોર્સ અત્યાંત ઉપયોગી નીવડી શકે.

ઉપર જણાવેલ ઉદ્દેશને સિદ્ધ કરવાથી ભારતીય પરંપરાગત શૈલીનું શિક્ષણ યુવા પેઢીને મળે, એ પરંપરાના સારા પાસાઓ તથા વર્તમાન ટેક્નોલોજીનો સમન્વય કરનારી નવી પદ્ધતિ વિકસાવવાનો આ કોર્સનો ઉદ્દેશ રહેશે.

આશા છે- આ ઉમદા વિચારને આપ અને યુનિવર્સિટી સત્તા મંડળ તરફથી હકારાત્મક સહયોગ મળી રહેશે.

આ પ્રસ્તવાનો સ્વીકાર કરીને આગામી સત્રથી આ કોર્સનો આરંભ થાય તે માટેની વહિવટી મંજૂરીઓ આપવા નમ્ર અરજ કરું છું.

ઓશો ચેર દ્વારા વ્યાખ્યાનશ્રેણીઓ, શિબિરો અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે તે અંગેની મંજૂરીઓ અને જાણ વખતો વખત કરતા રહીશું.

આપના સહકાર બદલ ચેર વતી આભારી છું.

ભવદીય

(નરેશ શુક્લ)

કો-ઓર્ડિનેટર, ઓશો ચેર

બિડાણ- કોર્સનું માળખું અને એને લગતી બાબતો.

**સૂચિત સર્ટિફિકેટ કોર્સનું નામ-** વર્ગખંડમાં શિક્ષણ અને શિક્ષકની ભૂમિકા

કોર્સનો હેતુ- આ સર્ટિફિકેટનો ઉદ્દેશ છે જે તે વિષયોમાં શિક્ષણ વિદ્યાર્થીઓ તેના વિષયમાં સ્પેશ્યાલિટી ધરાવતાં હોય છે પરંતુ એમનાંમાં મૂલ્યોનું આરોપણ થાય, સામાજિક પ્રતિબદ્ધતા કેળવાય અને ખાસ તો એ ભવિષ્યમાં શિક્ષક બને તો આ સર્ટિફિકેટ એને ઉત્તમ શિક્ષક બનવાની ટૂંકાગાળાની તાલીમ આપે. બી.એડ. અને એમ.એડ. જેવી તાલીમ ન પામેલાં સ્નાતકો, અનુસ્નાતકોને શિક્ષક તરીકેના ગુણો ખીલવવામાં આ સર્ટિફિકેટ કોર્સ અત્યંત ઉપયોગી બને અને શિક્ષણની ભારતીય શૈલીની પરંપરાગત શિક્ષણ પ્રણાલીથી અવગત થાય. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ આપતાં શિક્ષકોને તો પશ્ચિમી અસરવાળી તાલીમ પામે છે પણ કોલેજના અધ્યાપકો, યુનિવર્સિટીમાં શિક્ષણ આપતા પ્રોફેસરને એવી કોઈ વર્ગશિક્ષણની તાલીમ આપવામાં આવતી નથી. તેમને પણ આ કોર્સ અત્યાંત ઉપયોગી નીવડી શકે.

**કુલ વાસ્તવિક શિક્ષણના કલાકો-** 40 + 20 પ્રેક્ટિકલ

**સમયગાળો-** અંદાજે 6 માસ (દર અઠવાડિયે 2 લેકચર- કુલ-2 કલાક

**ફીનું માળખું-** 1500.00 થી 2000.00 રૂ. કુલ.

**પરીક્ષાનું માળખું-**
1. આંતરિક કસોટી (50 ગુણની) (હેતુલક્ષી)
2. પ્રેક્ટિકલ અને સબમિશન – 2 તાસનું ટીચિંગ, પેપર દીઠ- એસાઈનમેન્ટ
3. વાર્ષિક પરીક્ષા- 100 ગુણ (હેતુલક્ષી)

**ફેકલ્ટીની શૈક્ષણિક લાયકાત**-માસ્ટર, પીએચ.ડી. અથવા 15 વર્ષનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતાંને પસંદગી

આવશ્યક ભૌતિક સુવિધાઓ- 1. ક્લાસરૂમ (સ્માર્ટક્લાસરૂમ)

**મોડ**- ઓનલાઈન/ઓફલાઈન બંને. ( સબમિશન અને પ્રેક્ટિકલ માટે ઓફલાઈન)

**કાર્યશિબિર**- 1 અથવા 2 દિવસીય વર્કશોપ ( ફરજિયાત) આ વર્કશોપની હાજરી પ્રેક્ટિકલના માર્ક્સમાં ગણાશે.) (આવાગમન ખર્ચ વિદ્યાર્થીનો, જમવાની વ્યવસ્થા ઓશો ચેર વતી)

**અભ્યાસક્રમના મુદ્દાઓ-**

1. ક્લાસરૂમ ટીચિંગમાં શિક્ષકનો રોલ અને રિસ્પોન્સિબિલિટી
2. શિક્ષણમાં ધ્યાન અને વિદ્યાર્થીની ગ્રહણશક્તિને વધારવાની પદ્ધતિઓ.

**મનોવૈજ્ઞાનિક અભિગમથી શિક્ષણ કઈ રીતે કરવું -**

3. શરીર, મન અને ચેતનાને વર્ગીકૃતિ કરીને સમજવાની પદ્ધતિઓ.
4. બાળકના સંવેદનતંત્રને ઉદ્દાત કરવાની પદ્ધતિઓ.

**માનવીય સંબંધનું શિક્ષણ-**

5. તંદુરસ્ત માનવીય સંબંધો
6. આંતર-તત્ત્વની ઓળખ અને અન્ય વ્યક્તિ સાથેના સંબંધોને સમજવાની ચાવી.

**પોલિટિકલ સાયન્સનું શિક્ષણ-**

1. પ્રજાતંત્ર અને ગુણતંત્ર
2. રાજ્ય, કાયદો અને વ્યક્તિ- આંતરસંબંધો
3. રાષ્ટ્રીયતા સામેના પ્રશ્નો અને પડકારો.

**સમાજ અને સામાજિક જવાબદારીઓનું શિક્ષણ-**

1. સામાજિક ઉત્થાનમાં વ્યક્તિનો રોલ.
2. સામાજિક જવાબદારી નિભાવીને કઈ રીતે સમાજને ઉપયોગી થઈ શકાય- તે.
3. લિંગભેદ અને સ્ત્રીસશક્તિકરણનું મહત્ત્વ.

નોંધ- ઉપરના મુદ્દાઓને આવરી લેતો અભ્યાસક્રમ આ કોર્સમાં ભણાવવામાં આવશે.

અભ્યાસક્રમ

પેપર-1. ક્લાસરૂમ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ-

હેતુ- 1. આ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ક્લાસરૂમમાં ખપમાં લેવાતી પરંપરાગત અને વર્તમાન શિક્ષણ આપવાની પદ્ધતિઓનો પરિચય મેળવશે.

2. આ પ્રશ્નપત્રથી ઉમેદવામાં શિક્ષણ આપવાની સ્કિલ ડેવલોપ થશે.

1. રૂપકાત્મક રીતે- વાર્તા કે નાટ્યપ્રયુક્તિઓનો આશ્રય.
2. ટેક્નોલોજીનો ઉપયોગ
3. વિદ્યાર્થીઓની સક્રિય વધારનારાં આયોજનોનો ઉપયોગ
4. પ્રત્યક્ષકાર્યની સોંપણી દ્વારા શિક્ષણ

પેપર-2. શિક્ષકની સજ્જતા માટે પાયાની બાબતો.

હેતુ-2. 1. આ પ્રશ્નપત્રમાં ઉમેદવાર પોતાની સામાજિક પ્રતિબદ્ધતા સમજશે.

2. આ પ્રશ્નપત્રમાં ઉમેદવાર રાજ્યતંત્ર સાથે નાગરિકનો તાલમેલ કઈ રીતે બેસવો જોઈએ તે બાબતને સમજશે.

1. શિક્ષક અને વિદ્યાર્થીઓની સામાજિક જવાબદારીઓ.
2. પ્રજાતંત્ર અને ગુણતંત્રનો પરિચય અને પ્રયોગ
3. માનવીય સંબંધો અને પર્યાવરણ સાથેનો તાલમેલ
4. મનોવૈજ્ઞાનિક અભિગમો અને વ્યક્તિ તથા સમુહના સંબંધોનો પરિચય.

પેપર-3. વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ વધારનારી પદ્ધતિઓ.

હેતુઓ- 1. આ પ્રશ્નપત્રમાં ઉમેદવાર પોતે કઈ કઈ પદ્ધતિનો આશ્રય લે તો વિદ્યાર્થીની ગ્રહણશક્તિમાં વધારો થાય તે શીખશે.

2. આ પ્રશ્નપત્રમાં ધ્યાન, યોગ, ભારતીય દૃષ્ટાંત આપવાની પદ્ધતિ, તર્કશાસ્ત્રની વિવિધ પદ્ધતિઓ, વિવિધ ન્યાય આદિની ટેક્નિક શીખશે.

1. આત્મજ્ઞાનથી ચેતનાનો વિસ્તાર સમષ્ટિ સુધી.
2. યોગ અને ધ્યાનની વિવિધ પદ્ધતિથી આત્મઓળખ
3. મૂર્ત અને અમૂર્ત બાબતોને તર્કબદ્ધ કરવાની પદ્ધતિઓની ઓળખ
4. ભારતીય શિક્ષણ પદ્ધતિ અનુસાર યાદ રાખવાની રીતિઓ.

પ્રશ્નપત્ર- 4. પ્રાયોગિક કાર્ય-

હેતુ- બાકીના ત્રણેય પ્રશ્નપત્રમા કેળવેલી સ્કિલને પ્રગટ કરતું પ્રાયોગિક કાર્ય આ પ્રશ્નપત્રના કેન્દ્રમાં રહેશે.

એમાં પ્રત્યક્ષ વર્ગશિક્ષણ આપવું.

- એક કે બે દિવસીય વર્કશોપ દરમિયના યોગ- ધ્યાનની વિવિધ રીતો શીખવવી.

- એ વર્કશોપમાં વાર્તાકથન અને નાટ્યની પ્રયુક્તિઓનું પ્રત્યક્ષ માર્ગદર્શન અને પ્રાયોગિક કરાવવામાં આવશે.

આઉટકમ શું હશે...?

1. આ સર્ટિફિકેટ કોર્સ કરનાર ઉમેદવારમાં શિક્ષણ આપવાની સ્કિલ ખીલશે.
2. આ સર્ટિફિકેટ કોર્સ કરનાર ઉમેદવાર શિક્ષણ આપવાની વિવિધ ટેક્નિકનો પ્રત્યક્ષ અનુભવ મેળવીને સ્કિલ કેળવશે.
3. આ સર્ટિફિકેટ કોર્સ કરવાથી ઉમેદવાર આત્મખોજ કરવાની વિવિધ રીતો જાણવા સાથે આસપાસ વિસ્તરેલા સામાજિક મૂલ્યો, પરંપરાઓ, અને એ સૌ સાથેનું વિશિષ્ટ જોડાણ સમજશે.
4. આ સર્ટિફિકેટ કોર્સના પરિણામસ્વરૂપે ભારતીય શિક્ષણપદ્ધતિના વિવિધ આયામોને જાણશે અને એ અંગેની સ્કિલ કેળવશે.
5. વિદ્યાર્થીઓ સાથે કઈ રીતે નાતો બાંધવો, દરેકના વ્યક્તિત્વને ઓળખીને વિવિધ ટેક્નિક બદલીને વિદ્યાર્થીની ગ્રહણ શક્તિ વધારવાની ટેક્નિક શીખવાથી એ અંગની વિવિધ સ્કીલ કેળવશે.
6. ટેક્નોલોજીનું જ્ઞાન મેળવવા સાથે શિક્ષણ જગતના પાયાના મૂલ્યોનું જ્ઞાન મેળવશે.